અપીલ અરજી નં.૩૪૨ તા.૨૦–૧૦ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી સચીન એસ.માહેશ્વરી
સામાવાળાઃ– ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સચીન એસ.માહેશ્વરીની તા. ૨૮–૭–૧૧ની અરજીથી સુરત ડીસ્ટ્રીકટ, સબ–ડીસ્ટ્રીકટ ચોર્યાસીના ,મોજે શહેર સુરતના વધારાના વિસ્તાર પાંડેસરાના ગુ.હા.બોર્ડમાં સુરત મ્યુ.કોર્પોરેશન ધ્વારા પાણીના ટાંકી પાસે બનાવવામાં આવેલ અને સિલ્વર શોપિંગ કોમ્પલેક્ષ/એસ.એમ.સી. શોપિંગ કોમ્પલેક્ષના નામે ઓળખાતા કોમ્પલેક્ષમાં મુદ્દા નં. (૧)સિલ્વર શોપિંગ કોમ્પલેક્ષ/ એસ.એમ.સી. શોપિંગ કોમ્પલેક્ષમાં કુલ કેટલી દુકાનો આવેલ છે ? વિ. મુદ્દા નં.(૧) થી (૪)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૦–૧૦–૧૧ ની **SMC/FAP/** નં.૩૪૨/ ૨૦૧૧–૧૨

શ્રી સચીન એસ.માહેશ્વરીની તા. ૨૮–૭–૧૧ની અરજીથી સુરત ડીસ્ટ્રીકટ, સબ–ડીસ્ટ્રીકટ ચોર્યાસીના ,મોજે શહેર સુરતના વધારાના વિસ્તાર પાંડેસરાના ગુ.હા.બોર્ડમાં સુરત મ્યુ.કોર્પોરેશન ધ્વારા પાણીના ટાંકી પાસે બનાવવામાં આવેલ અને સિલ્વર શોપિંગ કોમ્પલેક્ષ/એસ.એમ.સી. શોપિંગ કોમ્પલેક્ષના નામે ઓળખાતા કોમ્પલેક્ષમાં મુદ્દા નં. (૧) સિલ્વર શોપિંગ કોમ્પલેક્ષ / એસ.એમ.સી. શોપિંગ કોમ્પલેક્ષમાં કુલ કેટલી દુકાનો આવેલ છે ? વિ. મુદ્દા નં.(૧) થી (૪)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦– ૧૦–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા **તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા તથા** વિશેષ કરીને શોપિંગ એબોટમેન્ટના નિયમો અને શરતો–બાંહેધરીની નકલ પણ પાઠવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૯૯ તા.૨–૧૧–૧૧ થી ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીપીડી/આ.નં.૪૧૫ તા.૨૪–૧૧–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, ફી ભર્યા વિગત, અરજદારને પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ.નં.૨૮૫ તા.૨૩–૯–૧૧ થી માહિતી અંગે નાણા ભરવા પાઠવેલ પત્રની નકલ, અરજદારે ટાઉન પ્લાનીંગ વિભાગમાં રસીદ નં.૩૫૯૮૭૯ થી રૂા.૩૯૪/– તા.૧૪–૧૧–૧૧ ના રોજ ભરપાઈ કર્યા અંગેની પહોંચની નકલ , અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ટીપીડી/આ.નં૪૦૧ તા.૧૬–૧૧–૧૧ ના પત્રની નકલ, અરજદારે મળેલ માહિતી સ્વીકાર્યા અંગેની તા.૧૯–૧૧–૧૧ ના પત્રની પહોંચની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૮–૭–૧૧ થી સુરત ડીસ્ટ્રીકટ, સબ–ડીસ્ટ્રીકટ ચોર્યાસીના ,મોજે શહેર સુરતના વધારાના વિસ્તાર પાંડેસરાના ગુ.હા.બોર્ડમાં સુરત મ્યુ.કોર્પોરેશન ધ્વારા પાણીના ટાંકી પાસે બનાવવામાં આવેલ અને સિલ્વર શોપિંગ કોમ્પલ ેક્ષ/એસ.એમ.સી. શોપિંગ કોમ્પલેક્ષના નામે ઓળખાતા કોમ્પલેક્ષમાં દુકાનો અને કબ્જા માલીકી અંગેની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જે ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૩૩૦ તા.૨૯–૮–૧૧ થી અઘટિત વિલંબથી ટાઉન પ્લાનર મધ્યસ્થ ટાઉન પ્લાનીંગ વિભાગ ને તબદીલ કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં. (૧) સિલ્વર શોપિંગ કોમ્પલેક્ષ / એસ.એમ.સી. શોપિંગ કોમ્પલેક્ષમાં કુલ કેટલી દુકાનો આવેલ છે ? મુદ્દા નં.(૨) હકીકતમાં સદરહુ તમામ દુકાનો તે દુકાન નંબર અને જે વ્યકિતને એલોટ થયેલ છે તેઓના નામ અને સરનામાની વિગત. મુદ્દા નં.(૩) હાલમાં સદરહુ દુકાનનો પ્રત્યક્ષ કબ્જો/માલીકી જેની છે તે વ્યકિતઓના નામ અને સરનામાની વિગત. મુદ્દા નં.(૪) નિયત પ્રમાણે એસ.એમસી ધ્વારા એલોટ કરેલ દુકાન જો કોઈ ત્રાહિત વ્યકિત ખરીદ કરે અને તેમાં ધંધો કરે તો તે બાબતનો એસ.એમ.સી નિયમની વિગત. જે અંગે અરજદારે નિયત સમય અવધિમાં કોઈ નિર્ણય મળ્યો નથી તેવું જણાવી દિન–૨૩ ના વિલંબથી તા.૨૦–૧૦–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે બાબતે આરટીઆઈ એકટની કલમ– ૧૯(૧ ) હેઠળ દિન–૩૦ ની અવધિમાં પ્રથમ અપીલ કરવાની જોગવાઈ છે તે સિવાય વિલંબિત અપીલ ગ્રાહય રાખવાનું અપીલ અધિકારીની વિવેકબુધ્ધિને આધિન ગુણદોષ પર નિર્ભર છે. અરજદારે વિલંબિત અપીલ અંગે આરટીઆઈ કાયદાની કલમ–૧૯(૧) હેઠળ વિલંબના કોઈ કારણ કે વ્યાજબીપણુ રજુ કરેલ નથી. તેથી પ્રથમ દર્શીય રીતે અપીલ ગ્રાહય રાખી શકાય નહીં તેમ છતાં કાયદાના હાર્દ અને ભાવના તથા આમુખથી ચરીતાર્થ થયેલ જોગવાઈને અનુલક્ષી અપીલ ગ્રાહય રાખવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૨૮૫ તા.૨૩–૯–૧૧ થી " પાંડેસરા વિસ્તારમાં ગુજરાત હાઉસીંગ બોર્ડમાં પાણીની ટાંકી પાસે બનાવવામાં આવેલ અને

સિલ્વર શોપીંગ કોમ્પલેક્ષ/એસએમસી/ શોપીંગ સેન્ટરના નામે ઓળખાતા કલમ્પલેક્ષમાં ફાળવવામાં આવેલ દુકાનોના એલોમેન્ટ લેટર, અરજી અને ઠરાવની નકલ મળી કુલ ૧૯૭ (એકસો સત્તાણું) પાનાની નકલો તેમને આપવાની થાય છે. જે માટે નિયત મુજબ પ્રતિ પાના રૂા.૨/– ના દરે કુલ રૂા.૩૯૪/– (અંકે રૂપિયા ત્રણસો ચોરાણું પુરા) ટાઉન પ્લાનીંગ કચેરીમાં જમા કરી તેની જાણ કર્યેથી ઉપરોકત માંગ્યા મુજબની માહિતી આપી શકાશે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે ટાઉન પ્લાનીંગ વિભાગમાં રસીદ નં.૩૫૯૮૭૯ થી રૂા.૩૯૪/– રોકડેથી રૂા.૧૪–૧૧–૧૧ થી ભરપાઈ કરેલ છે. જે અંગેની પહોંચની નકલ રજૂ કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ.નં.૪૦૧ તા.૧૬–૧૧–૧૧ થી અરજદારને માહિતી આપવામાં આવેલ. જે અંગે અરજદારે તા.૧૯–૧૧–૧૧ થી તમામ વિગતો મળી ગયેલ છે અને અપીલ અરજી પાછી ખેંચેલ છે તેવું જણાવેલ છે. આમ અરજદારને માહિતી મળી ગયેલ હોય તથા અપીલ અરજી પાછી લીધેલ હોવાનું જણાવતું લખાણ જાહેર માહિતી અધિકારી સમક્ષ રજૂ કરેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૮–૭–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ તેમજ અરજદારે તા.૧૯–૧૧–૧૧ ના પત્રથી તમામ વિગતો મળી ગયેલ હોય જેથી સદરહુ અપીલ અપીલ અરજી પાછી ખેંચ્યાનું જણાવેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(એસ.એન. મહેતા)
ડે.કમિશ્નર (ફા.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૧

પ્રતિ,
(૧) ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ), ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી સચીન એસ.માહેશ્વરી,